પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૦૮ | ૮ ઓક્ટોબર, ૨૦૧૯, મંગળવાર; આસો સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કાળા નાણા સામેની લડાઈમાં ભારતને સફળતા




**સરકારને સ્વિસ બેંક ખાતા ધારકોની યાદી મળી : મોદી સરકારને મળી મોટી સફળતા : હવે બેનકાબ થશે ધનકુબેરોનું કાળુનાણુ, આગામી માહિતી ૨૦૨૦માં ભારતને મળશે : સ્વિત્ઝર્લેન્ડ એફટીએ દ્વારા હવે ૭૫ દેશને વૈશ્વિક માપદંડ સમજૂતિના ભાગરુપે નાણાંકીય ખાતાઓની માહિતી અપાઈ : ૩૧ લાખ ખાતાની અપાયેલી માહિતી**

નવીદિલ્હી, તા.૭

કાળા નાણાની સામે ચાલી રહેલી લડાઈમાં ભારતને મોટી સફળતા હાથ લાગી છે. સ્વિસ બેંકમાં જમા ભારતીયોના કાળા નાણા સાથે જોડાયેલા પ્રથમ દોરની માહિતીમાં સ્વિત્ઝર્લેન્ડે ભારતે મહત્વપૂર્ણ માહિતી ઉપલબ્ધ કરાવી છે. કાળા નાણાની સામે ચાલી રહેલી ઝુંબેશ હેઠળ ભારતને સ્વિસ બેંકમાં જમા ભારતીયોના બ્લેકમની સાથે જોડાયેલી માહિતી હાથ લાગી છે. સ્વિત્ઝર્લેન્ડના કરવેરા વહીવટીતંત્ર (એફટીએ) દ્વારા ૭૫ દેશોને એઈઓઆઈના વૈશ્વિક માપદંડ હેઠળ નાણાંકીય ખાતાઓની વિગત ઉપલબ્ધ થઈ છે જેમાં ભારતીય લોકો પણ સામેલ છે. એફટીએ દ્વારા સમજૂતિમાં સામેલ કરવામાં આવેલા દેશોને કુલ ૩૧ લાખ ખાતાઓની વિગતો મોકવામાં આવી છે જ્યારે આ દેશોમાંથી તેને ૨૪ લાખ માહિતી મળી છે. આ માહિતીમાં ઓળખ, ખાતા તથા પૈસા સાથે જોડાયેલી માહિતીનો સમાવેશ થાય છે જેમાં નામ, સરનામા, નાગરિકતા, ટેક્સ ઓળખ નંબર, નાણાંકીય સંસ્થાઓ સાથે જોડાયેલી માહિતી, ખાતામાં પડેલા પૈસા અને મૂડી ઈન્કમનો સમાવેશ થાય છે. એફટીએના પ્રવક્તાએ કહ્યું છે કે, ભારતને પ્રથમ વખત એઆઈઓઆઈ માળખા હેઠળ

● અનુસંધાન પાન-૭ પર

## આજથી આયકર વિભાગ સંપૂર્ણ ઑનલાઈન

ન્યુ દિલ્હી,તા.૭

મોદી સરકારે આવકવેરા ભરનારા માટે મોટી પહેલ કરી છે. ઈક્મ ટેક્સ વિભાગે કરદાતાઓ માટે કાલે એટલે કે મંગળવારે ફેસલેસ અસેસમેન્ટની શરૂઆત કરવા જઈ રહ્યો છે. એટલે કે કોઈપણ કરદાતાને વ્યક્તિગત રીતે આવકવેરા વિભાગની ઓફિસના ચક્કર લગાવવાની જરૂર નહીં પડે. ભારત સરકારના રાજસ્વ સચિવ અજય ભૂષણ પાંડે અને સીબીડીટી ચેરમેન પ્રમોદ ચંદ્ર મોદીએ નેશનલ ઈ-અસેસમેન્ટ સેન્ટરનું ઉદ્ઘાટન કર્યુ હતું. ૮ ઓક્ટોબરથી કરદાતાઓને ફેસલેસ અસેસમેન્ટની સુવિધા મળવાની શરૂ થઈ જશે. એટલે કે હવે કોઈપણ મામલે કરદાતાઓ અધિકારીઓની સામે આવવું નહીં પડે. જે પણ કાર્યવાહી હશે તે નેશનલ ઈ અસેસમેન્ટ પોર્ટલ થકી

● અનુસંધાન પાન-૭ પર

## ચીની પ્રમુખ સાથે મોદી ૨૪ કલાકમાં ચાર બેઠક કરશે

**શુક્રવારના દિવસે જિંગપિંગ ચેન્નાઈ પહોંચશે : સરહદી મુદ્દા ઉપર ખેંચતાણ જારી છે ત્યારે બંને નેતાઓની વચ્ચેની બેઠકને લઇને ભારે સસ્પેન્સ : દરિયાકાંઠે વાતચીત**

નવીદિલ્હી,તા.૭

ચીનના પ્રમુખ શી જિંગપિંગ વડાપ્રધાન મોદી સાથે અનૌપચારિક સંમેલનના ગાળા દરમિયાન ૨૪ કલાકના ગાળામાં જ ચાર મિટિંગ કરનાર છે. ભારત અને ચીન વચ્ચે સરહદી મુદ્દા સહિત જુદા જુદા વિષયો ઉપર વિખવાદની સ્થિતિ છે ત્યારે આ યાત્રા ખુબ મહત્વપૂર્ણ ગણવમાં આવે છે. જિંગપિંગ શુક્રવારના દિવસે ભારત પહોંચી રહ્યા છે. તમિળનાડુના પાટનગર ચેન્નાઈમાં પહોંચ્યા બાદ વાતચીતનો દોર શરૂ થશે. મોદી સાથે તેમની વાતચીતને લઈને ભારે ચર્ચા જોવા મળી રહી છે. જિંગપિંગની આ યાત્રાને લઈને રાજકીય વર્તુળોમાં પણ ભારે ચર્ચા જોવા મળી રહી છે. ભારતમાં તેમની વાતચીત ઉપર કોંગ્રેસ પાર્ટી સહિતના રાજકીય પક્ષોની પણ નજર છે. બે અલગ અલગ મિટિંગો થનાર છે જે પાંચ કલાકથી પણ વધુ સમય સુધી ચાલનાર છે. ૩૧૫ મિનિટ સુદી વાતચીતનો ગાળો રહેનાર છે. સરહદી મુદ્દા ઉપર મુખ્યરીતે ચર્ચા થનાર છે.

● અનુસંધાન પાન-૭ પર

## આરેમાં વૃક્ષછેદન ન કરવા સુપ્રીમ કોર્ટનો કડક આદેશ

**મુંબઇમાં મેટ્રો પ્રોજેક્ટ માટે ૨૭૦૦ વૃક્ષો કાપવાના હતા : મામલામાં ૨૧મીએ વધુ સુનાવણી**

નવી દિલ્હી,તા. ૭

મહારાષ્ટ્ર સરકાર ૨૧મી ઓક્ટોબરના દિવસ સુધી મુંબઈના આરે વન્ય વિસ્તારમાં હવે વધારે વૃક્ષો કાપી શકશે નહીં. સાથે સાથે વન્ય વિસ્તારોમાં નવી ગતિવિધી પણ ચલાવી શકશે નહીં. સુપ્રીમ કોર્ટે લો સ્ટેડેન્ટની અરજી પર સુનાવણી કરતી વેળા આ મુજબનો આદેશ આપ્યો છે. મહારાષ્ટ્ર સરકારને વૃક્ષો કાપવા પર તરત જ પ્રતિબંધ મુકી દીધો છે. સાથે સાથે આગામી સુનાવણી સુધી યથાવત સ્થિતી રાખવાનો આદેશ કર્યો છે. સુપ્રીમ કોર્ટમાં હવે આ મામલે ૨૧મી ઓક્ટોબરના દિવસે વધુ સુનાવણી કરવામાં આવનાર છે. મુંબઈ મેટ્રોના શેડ બનાવવા માટે આરે વન્ય વિસ્તારમાંથી હાલમાં વૃક્ષો કાપવામાં આવ્યા હતા. જેની સામે જોરદાર હોબાળો થયો હતો. સામાજિક કાર્યકરો અને પર્યાવરણ સાથે જોડાયેલા લોકો આ ગતિવિધીને લઈને વિરોધ કરવા માટે મેદાનમાં આવી ગયા હતા. મહારાષ્ટ્ર સરકારને કેટલાક સ્પષ્ટ સુચન પણ કરવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ હવે આ કામગીરી પર બ્રેક મુકી દેવામાં આવી છે. હવે આદેશ બાદ પૂર્વ નિયોજિત ૧૨૦૦ વૃક્ષોને કાપવા માટેની પ્રક્રિયા રોકાઈ ગઈ છે. આરેમાં મેટ્રો શેડ બનાવવા માટે કુલ ૨૭૦૦ વૃક્ષો કાપવાની યોજના છે. જો કે જસ્ટીસ અરૂણ મિશ્રાએ સુનાવણી દરમિયાન સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે આ મામલે હાલમાં રોક રહેશે.




